543438/18

ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી. (ગ્રીમકો)કચેરી દ્વારા ખરીદવામાં આવતા સાધન ઓજારોનું થર્ડ પાર્ટી ટેકનિકલ ઇન્સ્પેક્શન સ્વતંત્ર ચાર(૪) એજન્સીઓ મારફત કરાવવા બાબત.

ગુજરાત સરકાર
ઉધોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસીએઆઈ -૨૦૦૧-૩૪૦૨-ખ.
તા. -૦૯-૨૦૧૮

1 SEP 2018

**વંચાણે લીધાં :-**

(૧) ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસીએઆઈ -૨૦૦૧-૩૪૦૨-ખ, તા.૨૯-૦૧-૨૦૦૨

(૨) ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસીએઆઈ -૨૦૦૧-૩૪૦૨-ખ, તા.૨૯-૦૮-૨૦૦૫.

(૩) કમિશનર, કુટીર અને ગ્રામદ્યોગની કચેરીનો પત્ર ક્રમાક: બેંકેબલ/મકચ/છ-૩/૧૦૪૮/૨૦૧૮. તા.૦૭/૦૯/૨૦૧૮.

**આ મુ ખ :-**

વંચાણે લીધેલ ક્રમાંક(૧)થી માનવ કલ્યાણ યોજના હેઠળ સાધન ઓજારોની ખરીદી, તેના વિતરણ અંગેની કામગીરી ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી. ગાંધીનગર (ગ્રીમકો)ને સુપ્રત કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૨)થી માનવ કલ્યાણ યોજના હેઠળ સાધન ઓજારોની ગુણવતાની ચકાસણી કરવા ગ્રામ ટેકનોલોજી સંસ્થા ગાંધીનગરને ૧૦૦ ટકા ઇન્સ્પેક્શન કરવાની કામગીરી સુપ્રત કરવામાં આવેલ છે. કમિશનર, કુટીર અને ગ્રામદ્યોગ કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક(૩)ના પત્રથી ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી. ગાંધીનગર(ગ્રીમકો)કચેરી દ્વારા ખરીદવામાં આવતા સાધન ઓજારોનું થર્ડ પાર્ટી ટેકનિકલ ઇન્સ્પેક્શન ગ્રામ ટેક્નોલોજી સંસ્થા(આર.ટી.આઇ.)ને બદલે સ્વતંત્ર ચાર(૪) એજન્સીઓ મારફત કરાવવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતું.

**ઠ રા વ:-**

કાળજીપુર્વકની વિચારણાને અંતે ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી. ગાંધીનગર(ગ્રીમકો)કચેરી દ્વારા માનવ કલ્યાણ યોજના તથા અન્ય યોજનાઓ અંતર્ગત ખરીદવામાં આવતા સાધન ઓજારોનું થર્ડ પાર્ટી ટેકનિકલ ઇન્સ્પેક્શન ગ્રામ ટેક્નોલોજી સંસ્થા(આર.ટી.આઇ.)ને બદલે નીચે મુજબની સ્વતંત્ર ચાર(૪) એજન્સીઓ મારફત કરાવવાનું ઠરાવવામાં આવે છે.

| અનુ. | એજન્સી | જીલ્લાઓના નામ |
|---|---|---|
| ૧. | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ એન્ડ ટેકનીકલ કન્સલ્ટન્સી ઓર્ગેનાઇઝેશન લી. અમદાવાદ (જીટકો) | અમદાવાદ,અરવલ્લી,આણંદ,બનાસકાંઠા, ગાંધીનગર,ખેડા,મહેસાણા,મહીસાગર,પાટણ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર (કુલ ૧૧) |

| | | |
|---|---|---|
| ૨. | ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેક્નોલોજી સંસ્થાન ગાંધીનગર (આર.ટી.આઇ.) | સુરત, તાપી, વડોદરા, વલસાડ, ભરૂચ, દાહોદ, ડાંગ, છોટાઉદેપુર , નર્મદા, નવસારી, પંચમહાલ (કુલ ૧૧) |
| ૩. | રોજગાર અને તાલીમની કચેરી, ગાંધીનગર (ડી.ઇ.ટી.) | અમરેલી,બોટાદ, ભાવનગર, દેવભૂમિદ્વારકા, જામનગર, જૂનાગઢ, કચ્છ-ભુજ, મોરબી, પોરબંદર, રાજકોટ, ગીરસોમનાથ (કુલ ૧૧) |
| ૪. | દરજીકામ અને ભરતકામ ટ્રેડના સોઇંગ મશીનના ઇન્સ્પેકશનની કામગીરી ઇલેક્ટ્રોનીક્સ એન્ડ ક્વોલીટી ડેવલોપમેન્ટ સેન્ટર, ગાંધીનગર(ઇ.ક્યુ.ડી.સી.) પાસે કરાવવા | |

ઉપર્યુક્ત કોષ્ટકમાં દર્શાવેલ સ્વતંત્ર ચાર(૪) એજન્સીઓને ઇન્સ્પેક્શન ચાર્જ પેટે ગ્રીમકો કચેરીએ ખરીદ કિંમતના ૧(એક) ટકા પ્રમાણે ઇન્સ્પેક્શન ચાર્જ ચુકવવાનો રહેશે..

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ. એમ. ડાભી)
નાયબ સચિવ
ઉધોગ અને ખાણ વિભાગ,

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી(કુટીર ઉધોગ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, ૧/૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) સચિવશ્રી,(કુટીર ઉધોગ)ના અંગત સચિવશ્રી,બ્લોક નં.૫/૨જો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૩) કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોધોગ,બ્લોક નં.૭/૧, ઉધોગભવન, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

(૫) નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેક્નોલોજી સંસ્થાન(આર.ટી.આઇ.), ડો આંબેડકર ભવન પાસે,ગાંધીનગર.

(૬) નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી(ડી.ઇ.ટી.), બ્લોક-૧/૩જો માળ,જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૭) નિયામકશ્રી, ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ એન્ડ ટેકનીકલ કન્સલ્ટન્સી ઓર્ગેનાઇઝેશન લી. (જીટકો), સરદાર પટેલ સ્ટેડિયમ સામે,નવરંગપુરા,અમદાવાદ

(૮) નિયામકશ્રી, ઇલેક્ટ્રોનીક્સ એન્ડ ક્વોલીટી ડેવલોપમેન્ટ સેન્ટર(ઇ.ક્યુ.ડી.સી.), ગાંધીનગર.

(૯) નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.

(૧૦) જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉધોગ કેન્દ્ર તમામ (કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોધોગ મારફત)

(૧૧) આઇ.ટી.શાખા, ઉધોગ અને ખાણ વિભાગ,બ્લોક નં.૫/૪થો માળ, સચિવાલય ગાંધીનગર.(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે).

(૧૨) પસંદગી ફાઈલ.